## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલી એસ.ટી.ડેપો ખાતે 'ગ્રામ હાટ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



બોડેલી : બોડેલી એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (GLPC) તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, છોટાઉદેપુરના સંયુક્ત સહયોગથી 'ગ્રામ હાટ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ હેમલત્તાબેન કોલી તથા નગરપાલિકા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ હાટ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓ અને સખીમંડળો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓના વેચાણ અને માર્કેટિંગ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

### ડેરોલના શ્રી ચામુંડા માતાજીના મંદિરે પ્રથમ નવરાત્રીએ ધ્વજારોહણ ઉત્સવ ઉજવાયો



કાલોલ : આજરોજ પવિત્ર નવરાત્રી પર્વના પ્રથમ દિવસે કાલોલ તાલુકાના પ્રખ્યાત 'ટેમ્પલ ટાઉન' તરીકે ઓળખાતા ડેરોલ ગામ ખાતે આવેલા શ્રી ચામુંડા માતાજીના મંદિરે ભવ્ય ધ્વજારોહણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નવલા નોરતાના પ્રારંભ સાથે જ માતાજીની આરાધના અર્થે મંદિરે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર ગામનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું લોકવાયકા મુજબ નવરાત્રિના નવ દિવસો દરમિયાન માતાજીની વિશેષ હાજરી પૃથ્વી પર રહે છે.

### સંખેડા ગ્રામ વિકાસ -GLPC ના સહયોગથી બસ ડેપોમાં સખી મંડળના ત્રણ ટોલ ખુલ્યા



સંખેડા :છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ગામના બસ સ્ટેન્ડ ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારદ્વારાસખીમંડળનીબહેનોનેગ્રામહાટનુંવિતરણકરવામાંઆવ્યુંહતું. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર જિલ્લામાં કુલ 10 ગ્રામહાટ મૂકવામાં આવ્યા છે, જેમાં છોટાઉદેપુરમાં 2, બોડેલીમાં 5 અને સંખેડામાં 3 હાટ સખી મંડળને ફાળવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ સખી મંડળને રોટેશન મુજબ દર મહિને અલગ-અલગ પ્રોડક્ટનું વેચાણ કરવા માટે આપવામાં આવશે.

### ડભોઈ તાલુકામા અંબાના પ્રથમ નોરતે કોંગ્રેસને મળી યુવા શક્તિની ભેટ !



ડભોઇ : આજે મા અંબાના પાવન પ્રથમ નોરતાના શુભ અવસરે ડભોઇ તાલુકાના બારીપુરા ગામે મોટી સંખ્યામાં નવયુવાનોએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈને કોંગ્રેસની વિચારધારા અને સંઘર્ષની યાત્રામાં સહભાગી બનવાનો સંકલ્પ કર્યો છે કોગ્રેસ મા જોડાયેલા યુવાનોનું આ ઉત્સાહભેર જોડાણ એ વાતનો સંકેત છે કે યુવા શક્તિ પરિવર્તન, વિકાસ અને જનસેવાના માર્ગે આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

### ભક્તિ, પરંપરા અને આધુનિક આયોજનોના ત્રિવેણી સંગમ સાથે નવરાત્રિનો પ્રારંભ

દાહોદ : માં આદ્યશક્તિની આરાધના અને શક્તિ ઉપાસનાના પાવન પર્વ નવરાત્રિનો પ્રારંભ થઈ ગયો છે, ત્યારે સમગ્ર દાહોદ શહેર અને જિલ્લા ભરમાં નવરાત્રિ ના રંગે રંગાવા માટે તૈયારીઓનો ધમધમાટ જાણે પૂર બહારમાં શરૂ થઈ ગયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય ગરબા મહોત્સવોના આયોજન સાથે પરંપરાગત શેરી ગરબાની રોનક પણ પાછી ફરી છે. ગ્રાઉન્ડ્સ પર રોશની અને ખેલૈયાઓમાં અદભુત ઉત્સાહ શહેરના વિવિધ ગરબા આયોજન સ્થળો પર રંગબેરંગી અનેઆકર્ષક રોશની, ભવ્ય સ્ટેજ સજાવટ તેમજ જાણીતા ગાયક વૃંદોના સુર-લેટનું તાલ વચ્ચે ગરબે ઘૂમવા માટે ખેલૈયાઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. સમયના બદલાતા પ્રવાહ સાથે ઉજવણીના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે; જ્યાં એક તરફ પરંપરાગત શેરી ગરબાની સાદગી અને સામૂહિક ભાવના જળવાઈ રહી છે, તો બીજી તરફ મોટા ગરબા મહોત્સવોમાં આધુનિક લાઈટિંગ, ભવ્ય સ્ટેજ અને વિવિધ સાંસ્કૃતિક આયોજનોન વિશેષ દબદબો જોવા મળી રહ્યો છે.

---

### આરો સેન્ટરોમાં તેમજ પાણીની પરબોમાં પણ પાણી ખલાસ થઇ જતાં અફરાતફરી જોવા મળી

# આસો નવરાત્રીના પ્રથમ નોરતે પાવાગઢમાં ભક્તોનો સેલાબ જોવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે આજે આસો નવરાત્રી ના પ્રથમ નોરતે અને રવીવાર ના રોજ માઈ ભક્તો નું મહેરામણ ઉમટયુ હતુ. દોઢ લાખ ઉપરાંત માઈ ભક્તો એ માતાજીના ચરણ માં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા. આદ્યશક્તિ માં જગદંબા ની આરાધના નું પર્વ એટલે નવરાત્રી જેને લઈ ૫૧, શક્તિપીઠ પૈકી ની એક શક્તિપીઠ પંચમલાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાજી છે. આ યાત્રાધામ ખાતે ગુજરાત સહીત પાડોશી રાજ્યો રાજસ્થાન મધ્યપ્રદેશ મહારાષ્ટ્રા માંથી માતાજીના ભક્તો વર્ષ દરમ્યાન લાખ્ખો ની સંખ્યામાં આવતા હોય છે. તેમાં પણ ખાસ કરીને ચૈત્રી નવરાત્રી, આસો નવરાત્રી, તેમજ આઠમ, પૂનમ નું અનેરું મહત્વ હોય છે. તે ઉપરાંત તેમજ શનિવાર રવિવાર અને જાહેર રજાના દિવસોમાં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે. ઉપરાંત પાવાગઢ નો વિકાસ અને મંદિર પરિસરના આધ્યાત્મિક નિર્માણ



થયા પછી દેશ ના પ્રધાનમંત્રી દ્વારા ઐતિહાસિક ધ્વાજરોહણ બાદ યાત્રાળુઓનો ધસારો ઉત્તરોતર વધી રહ્યો છે. તેમાં પણ આજથી આસો નવરાત્રી નો પ્રારંભ થતા માઈ ભક્તો ગત રોજ ભાદરવી અમાસ ને શનિવાર ના દિવસ ની મધ્યરાત્રીથી ભક્તો માટી સંખ્યામાં પાવાગઢને જોડતા તમામ માર્ગો પર ભક્તોનો સૈલાબ જોવા મળતો હતો. જયારે ભાવિક ભક્તો ની સુરક્ષા અને સલામતિ માટે પોલીસ દ્વારા તળેટીથી ડુંગર ઉપર નિજ મંદિર સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સીસી ટીવી કેમેરા વીડિયોગ્રાફી દ્વવારા જેમાં નાયબ પોલીસ અધિક્ષક, પીઆઈ, પીએસઆઈ, એએસઆઈ / હેડ કોસ્ટેબલ / પોલીસ કોસ્ટેબલ, એસઆરપી જવાન, જીઆરડી, 18 ટીઆરબી, સહીત ૧૩૦૦ પોલીસ કર્મીઓ જુદા જુદા પોઈન્ટો ગોઠવી યાત્રિકો ઉપર બાજ નજર રાખવા ચોવીસ કલાક ફરજ બજાવી રહ્યા છે.આ ઉપરાંત ઈમર્જન્સી પરિસ્થિતિ ને પોહચી વળવા માટે એસડીઆરએફ ની વિશેષ ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. વધુ ભીડ ને કારણે કેટલાક પરીવારજનો છુટા પડી જવાના બનાવો બનતા હોય છે. તેઓને શોધી પુનઃ મિલાન કરાવતા હોય છે. જયારે એસટી નિગમ દ્વવારા યાત્રિકો ને પાવાગઢ તળેટી થી ડુંગર માંચી સુધી લાવા લઈ જવા માટે ૬૦ એસ ટી બસ ચોવીસ કલાક દોડવામાં આવી રહી છે, વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓ માટે પાણીની વ્યવસ્થા માટે સજ્જ બની આરો વોટર સેન્ટર માંચી ખાતે ૨, રેવા પથ ૩, અને દુધિયા તળાવ ખાતે 2 આમ ૭ સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા તેમ છતાં યાત્રિકો નો ધસારો એટલો વધારે હતો કે આ આરો સેન્ટરોમાં તેમજ પાણી ની પરબો માં પણ પાણી ખલાસ થઈ ગયા હોવાથી યાત્રિકો ને ના છૂટકે વધુ પૈસા ખર્ચી પાણીની બોટલો ખરીદવાનો વારો આવ્યો હતો.

---

### ૮૦ કરોડના ખર્ચે મંજૂર થયેલી યોજના છ વર્ષ બાદ પણ અધૂરી

# નસવાડીના ૭૨ ગામોની પાણી પુરવઠા યોજના છ વર્ષથી અધૂરી, ૩૦ ગામોને જ મળી રહ્યું છે પાણી

આદિવાસી વિસ્તારના લોકો પાણીની કટોકટી ભોગવવા મજબૂર

(પ્રતિનિધિ) નસવાડી તા.10

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાનાં 72 ગામોને પીવાનું પાણી મળી રહે તે માટે વર્ષ 2020માં સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી હતી. જોકે, આજે છ વર્ષ વીતી ગયા હોવા છતાં આ યોજના અધૂરી છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા એજન્સીને કરોડો રૂપિયાની ચુકવણી કરવામાં આવી હોવા છતાં માત્ર 30 ગામોને જ પાણી મળી રહ્યું છે. સરપંચો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ ધ્યાન આપતા ન હોવાની ફરિયાદો ઊઠી રહી છે. પરિણામે, પાણી પુરવઠા યોજના મૃત અવસ્થામાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. નસવાડી તાલુકાનાં 72 ગામો માટે સરકાર દ્વારા કુપ્પા પાણી પુરવઠા યોજના માટે 80 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા આ



યોજનાની કામગીરી બોડેલી ખાતે આવેલી પાણી પુરવઠા વિભાગની કચેરીને સોંપવામાં આવી હતી નસવાડી તાલુકાનાં ડુંગરાળ વિસ્તારમાં આવેલાં આ ગામોના લોકો વર્ષોથી પાણીની કટોકટીનો સામનો કરી રહ્યા હતા આ સમસ્યાના ઉકેલ માટે સરકારે સર્વે કરાવી નર્મદા નદીમાંથી પાણી લાવી તેને ફિલ્ટર કરીને ગામો સુધી પહોંચાડવાની યોજના વર્ષ 2020માં મંજૂર કરી હતી આ યોજનાનો કોન્ટ્રાક્ટ અમદાવાદની જલારામ કન્સ્ટ્રક્શન એજન્સીને સોંપવામાં આવ્યો હતો આજે છ વર્ષ વીતી ગયા હોવા છતાં આ યોજના હજુ સુધી પૂર્ણ થઈ નથી. તંત્ર દ્વારા માત્ર 30 ગામોને પાણી મળતું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ત્યારે સવાલ ઊભો થાય છે કે જે યોજના 12 મહિનામાં પૂર્ણ કરવાની હતી, તેને પૂર્ણ કરવામાં છ વર્ષ કેમ લાગ્યાં? આટલો સમય વીતી જવા છતાં કામગીરી કેમ પૂર્ણ કરવામાં આવી નથી? આ એજન્સી પાસેથી 10 કરોડ રૂપિયાથી વધુની દંડની રકમ કાપી લેવામાં આવી હોવાની વાત પણ સામે આવી રહી છે. ત્યારે સવાલ ઊઠે છે કે જો આ એજન્સી કામગીરી કરવા માટે સક્ષમ ન હતી, તો તેને આ કામગીરી કેમ સોંપવામાં આવી? પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની કામગીરી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારનાં ગામોના લોકો આજે પણ પાણીની તંગી અને કટોકટીનો સામનો કરી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં નલ સે જલ યોજના નિષ્ફળ ગઈ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ યોજના થકી લોકોને આશા હતી કે તેમના ઘર સુધી પીવાનું પાણી પહોંચશે, પરંતુ તેમની આ આશા પણ ઠગારી નીવડી છે આદિવાસી વિસ્તારના લોકો આજે પણ હેન્ડપંપ ચલાવીને પાણી ભરવા માટે મજબૂર છે.

---

### ત્રિપાંખીયા જંગમાં મતદારોમાં ઉત્સાહ જોવાયો

# છોટાઉદેપુર પાલિકાની વોર્ડ ૪ની ચૂંટણી, ૬૬.૦૬% મતદાન

(પ્રતિનિધિ) નસવાડી તા.10

છોટાઉદેપુર નગરપાલિકા વોર્ડ નંબર ચારની અનુસૂચિત આદિજાતિ બેઠકની પેટા ચૂંટણી આજરોજ યોજાઇ જેમાં ભારે રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો આ ચૂંટણીમાં કુલ 2764 મતદારોમાંથી 1826 મતદારોએ મતદાન કરી મતદાન નો આંકડો 66.06% સુધી પહોંચાડ્યો હતો આ મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા ત્રિપાખીયા જંગના ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થયું છે જ્યારે ત્રણેવ પક્ષો તરફથી જીતના દાવા થઈ રહ્યા છેછોટાઉદેપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વોર્ડ નંબર ૪ ના તત્કાલીન સભ્ય મંજુલાબેન કોલીનો જાતિનો દાખલો તપાસ દરમિયાન ખોટો ઠરતાં તેમની સદસ્યતા રદ્દ કરવામાં આવી હતી. આ બેઠક ખાલી પડતાં નિયમ મુજબ ચૂંટણી પંચ દ્વારા પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવી હતી, જેના ભાગરૂપે આજે મતદાન યોજાઈ રહ્યું છે. મતદારોની સંખ્યા અને મતદાન મથકોની સ્થિતિઃ વોર્ડ નંબર ૪ માં કુલ ૨,૭૬૪ મતદારો નોંધાયેલા છે, જેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી પ્રતિનિધિની પસંદગી કરશે. સવારના સમયે યુવાનોથી લઈને વડીલો અને મહિલા મતદારોમાં મતદાન માટે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદાન કેન્દ્રો પર કતારો લાગી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયો જંગઃ આ પેટા ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે.

---

### દાહોદમાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો

દાહોદ : નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદ ના NTF (National Task Force) એકમ દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૬, શનિવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદ ના .NTF (National Task Force) અંતર્ગત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય (Mental Health) ને મજબૂત બનાવવા અને આત્મહત્યાની ઘટનાઓ ઘટાડવા માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓને તણાવ વ્યવસ્થાપન, ડિપ્રેશન અંગે જાગૃતિ અને ભાવનાત્મક સહાય વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---

### દાહોદના ગોધરા રોડ અકસ્માતથી ખળભળાટ

# દારૂ ભરી જતાં કારચાલકે ૫ બાઈક્સને અડફેટે લીધી

(પ્રતિનિધિ) દાહોદ તા.10

રૂરલ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે મુવાલિયા ચોકડી અને રૂરલ પોલીસ સ્ટેશન પાસે સઘન ચેકિંગ અર્થે બેરિકેડ ગોઠવી દીધા હતા. જ્યારે શંકાસ્પદ કાર ત્યાં આવી, ત્યારે પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ, પોલીસને જોતા જ કાર ચાલકના હોશ ઉડી ગયા હતા અને તેણે પોલીસની નાકાબંધી તોડી નાખી હતી. પકડાઈ જવાના ડરથી ચાલકે કારને રોંગ સાઈડ પર અત્યંત ગફલતભરી અને બેફામ રીતે હંકારી મૂકી હતી.રસ્તા પર મચી ચીસાચીસ, લોકો જીવ બચાવી ભાગ્યા રોંગ સાઈડ પર પૂર ઝડપે દોડતી આ કારે મુવાલિયા ચોકડી પાસે ઊભેલા અને પસાર થઈ રહેલા પાંચ થી છ બાઈક ચાલકોને જોરદાર ટક્કર મારી હતી.અકસ્માત એટલો ભીષણ હતો કે બાઈકો હવામાં ફંગોળાઈ ગયા હતા અને રસ્તા પર ભારે નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે ત્રણ થી ચાર બાઈકોનો કચ્ચરઘાણ વળી ગયો છે અને ભારે નુકસાન થયું છે.કાર મૂકીને ફરાર થયો ચાલક પાલીસની મોટી તપાસ શરૂ લોકોના જીવ તાળવે ચોંટાડી દેતી આ ઘટના બાદ ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ભીડ વધતી જોઈને ડ્રાઈવર કાર રસ્તા વચ્ચે જ મૂકીને અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો.

---

### સોલર લાઇટ, હેન્ડપંપ, નાળા અને શૌચાલયનાં કામો સુધી તપાસની માગ

# ધાનપુરના પીપરીયા ગ્રા. પં.ની સરકારી ગ્રાન્ટના ઉપયોગમાં હયગયની શંકા!

(પ્રતિનિધિ) દાહોદ,ધાનપુર તા.10

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરીયા ગ્રામ પંચાયતમાં સરકારી ગ્રાન્ટના ઉપયોગને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. વિવિધ વિકાસકામો માટે ફાળવાયેલી સરકારી રકમનો વાસ્તવિક ઉપયોગ થયો છે કે નહીં, કામો સ્થળ પર પૂર્ણ થયાં છે કે નહીં અને સરકારી રેકોર્ડમાં દર્શાવેલી વિગતો વાસ્તવિક પરિસ્થિતિ સાથે મેળ ખાય છે કે નહીં, તે અંગે સ્થાનિકો દ્વારા તપાસની માગ કરવામાં આવી રહી છે. સ્થાનિકોની રજૂઆત મુજબ, 15મા નાણાપંચ સહિત વિવિધ યોજનાઓ હેઠળ સોલર લાઈટ, હેન્ડપંપ, નાળા, શૌચાલય, સીસી રોડ અને પાણીની ટાંકી જેવાં કામોમાં તપાસ કરવાની જરૂર છે. ભગત ફળિયામાં અંદાજે રૂ. 1 લાખના નાળાના કામ અંગે સવાલો ઊઠ્યા છે. રૂ. 50 હજારના સામૂહિક શૌચાલયનું કામ અધૂરું હોવાની રજૂઆત પણ કરવામાં આવી છે. ઉદેશિંગ ભૂરા બારીયાના ફળિયામાં રૂ. 50 હજારના સીસી કામ અંગે પણ સ્પષ્ટતા માગવામાં આવી છે. ગ્રામ પંચાયતના મકાન પર રૂ. 1,20,899ની સોલર લાઈટના કામની રકમ દર્શાવાઈ હોવા છતાં સ્થળ પર લાઈટ ઉપલબ્ધ ન હોવાનો સ્થાનિકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શંકરભાઈ દલપતભાઈના ઘર પાસે રૂ. 50 હજારના હેન્ડપંપના કામ અંગે પણ તપાસની માગ ઊઠી છે. પાણીની ટાંકી, પાણીના ઓપરેટરના પગાર, શૌચાલય અને અન્ય વિકાસકામો અંગે પણ ખર્ચની વિગતો, કામની ગુણવત્તા અને સ્થળ પરની સ્થિતિની ચકાસણી કરવાની માગ કરવામાં આવી રહી છે. સરપંચના સસરા વહીવટી કામગીરી સંભાળતા હોવા અંગે પણ સ્થાનિકોમાં ચર્ચા હોવાનું સામે આવ્યું છે. જોકે, આ તમામ મુદ્દાઓની સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થઈ શકશે.

---

### ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના હસ્તે ઉદ્ઘાટન

# હાલોલ એસટી બસ સ્ટેશન ખાતે ગ્રામહાટનું લોકાર્પણ



હાલોલ : ગ્રામીણ વિસ્તારની સખી મંડળની બહેનો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને યોગ્ય બજાર વ્યવસ્થા અને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ અને પંચમહાલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રાજ્યના GSRTC બસ સ્ટેશનો ખાતે "ગ્રામહાટ"ની સ્થાપના કરવામાં આવી છે.આ પહેલ અંતર્ગત પંચમહાલ જિલ્લાના હાલોલ બસ સ્ટેશન ખાતે ગ્રામહાટ સ્ટોલ્સનું ઉદ્ઘાટન હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.હાલોલ એસ.ટી.બસ સ્ટેશન ખાતે જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, કણજરી સ્ટેટ યુવરાજ મયુરધ્વજસિંહજી પરમાર હાજર રહ્યા હતા.

### અવાવરું જગ્યાઓમાં સઘન ચેકિંગ

# ડભોઈ પોલીસ નવરાત્રીમાં જનસુરક્ષા માટે સજજ બની



ડભોઇ : વડોદરા જિલ્લા નાયબ પોલીસ વડા આકાશ પટેલ ના સીધી સુચના અને પી.આઇ. પટેલ ના માર્ગદર્શન હેઠળ ડભોઈ મા નવરાત્રી મા ખલેલ કે અનિચ્છનીય બનાવ ના બને એ માટે નવરાત્રી ની પૂર્વ રાત્રી એ ડભોઈ પોલીસ અને શી ટીમ સાથે રાખી ડભોઈ ના કેનાલો વાળા માર્ગો અને અવાવરું જગ્યા ઓ મા ચેકીંગ હાથ ધરી છે ડભોઈ ની ઉત્સવપ્રિય જનતા શાંતિ થી નવલી નવરાત્રી ઉજવી શકે એ માટે ડભોઈ ના પી.આઇ પટેલ ના માર્ગદર્શન મા આગવુ આયોજન કરેલ છે ડભોઈ પોલીસે નગર ના કૃખ્યાત માર્ગો અને બદનામ અવાવરું જગ્યા ઓ પર રાત્રી દરમિયાન તપાસ હાથ ધરી છે અને આગામી સમય મા ધરશે ડભોઈ ની પ્રથમ નવલી નવરાત્રી હશે જેમા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

### ટ્રકના ટાયરમાં આગ લાગતાં અફરાતફરી

# બોડેલી-ડભોઈ રોડ પર રેતી ભરેલી ટ્રકમાં ભીષણ આગ



બોડેલી : બોડેલી-ડભોઈ રોડ પર સાલપુરા ગામ નજીક રેતી ભરેલી એક ટ્રકમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. ટ્રકના ટાયરમાંથી શરૂ થયેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટ્રકમાં આગ લાગતાં આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊડતા દૂરથી પણ નજરે પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ બોડેલી બજાર સમિતિ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનાને પગલે રોડ પર લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં.